હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બીજુ કાંઈ નહી ઢાંકીશ તો ચાલશે... નાક પર કપડું તો રાખવાનું જ....!!!

લીંબડીયા કેનાલ પાસે આત્મહત્યાના ઈરાદે પહોંચેલા યુવકનો પોલીસે જીવ બચાવ્યો

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદ સરસપુર ખાતે રહેતા યુવક-યુવતિએ પ્રેમલગ્ન કર્યા હતા. જો કે પરિવારની મંજુરી વિના પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારે દંપતિ વચ્ચે ઘરકંકાસ સર્જાતા યુવતિ રીસાઈને પીયર ગઈ હતી. તો બીજીતરફ યુવકની માતાએ પુત્રવધુને તેડી લાવવાની ના પાડતા યુવકની હાલત કફોડી બની ગઈ હતી. યુવક આત્મહત્યાના ઈરાદા સાથે કેનાલ પાસે આવી ગયો હતો. પરંતુ ડભોડા પોલીસની સી ટીમે સમયસુચકતા વાપરીને યુવક અજુગતુ પગલુ ભરે તે પહેલા જ તેને અટકાવ્યો હતો.

અમદાવાદ શહેરના સરસપુર ખાતે રહેતા રાહુલ પરમારને એક યુવતિ સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. બંને એ લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ પરિવારના સભ્યોને પ્રેમલગ્ન મંજુર ન હતા. યુવકને તેના પરિવારજનોએ ઘણો સમજાવ્યો હતો. તેમ છતા તેણે પરિવારની અવગણના કરી પ્રેમલગ્ન કરી લીધા હતા. લગ્નના પ્રારંભિક સમયમાં પરિવારે વિરોધ દર્શાવ્યો હતો. પરંતુ ત્યારબાદ પરિવારે સ્વીકાર કરી લીધો હતો. લગ્નજીવનના થોડા સમય પછી દંપતિ વચ્ચે નાનીમોટી બાબતોમાં ઝઘડા શરુ થયા હતા. ત્યારે ઝઘડાને પગલે રાહુલની પત્ની રીસાઈને પિયર ગઈ હતી. રાહુલ તેને પરત લઈ આવવા માટે ઘણા પ્રયત્ન કરે છે, પણ તેની પત્ની માનતી ન હતી. આખરે રાહુલ તેની માતાને પત્નીને લઈ આવવા માટે કહે છે. જેથી તેની માતા પ્રેમલગ્ન તે કર્યા છે અમે શુ કામ વચ્ચે પડીએ, ત્યારે છેલ્લા પાંચ દિવસથી પત્નીને તેડી લાવવા અંગે માતા-પુત્ર સાથે ઝઘડા ચાલતા હતા. આખરે કંટાળી ઘરેથી રાહુલ નીકળી જાય છે અને લીંબડીયા કેનાલ આવીને પાળી પર બેસી વિચારોમાં ડુબી ગયો હતો. તે સમયે ડભોડા પોલીસ મથકની સી ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી. તેઓએ કેનાલની પાળીએ યુવકને બેસી રહેલો જોઈ તાત્કાલીક તેની પાસે પહોંચી ગયા હતા. પોલીસે જરુરી પુછપરછ કરતા જ રાહુલે પોતાની વાત કહી હતી. જયારે સી ટીમના સભ્યોએ રાહુલનું કાઉન્સિલિંગ કરીને તેની માતાને પણ બોલાવી લીધા હતા. રાહુલ કેનાલ ખાતે પહોંચી ગયાની વાતની જાણ થતા તેની માતા ચોંકી ગયા હતા અને સી ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર ભાજપનો સ્નેહમિલન સમારોહ વાવોલ ખાતે યોજાયો હતો.
- ગાંધીનગર શહેરમાંથી કોરોનાના બે દર્દીઓ સાજા થતા તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હવે શહેરમાં ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા પાંચ તલાટીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.
- મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રભારી તરીકે ગાંધીનગરના યુવા અગ્રણી ડૉ. હિમાંશુ પટેલની નિયુક્તી કરવામાં આવી છે તેમની સાથે ધારાસભ્ય અશ્વિન કોટવાલ પણ નિરીક્ષક રહેશે.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનું જોર વધવા પામ્યુ છે એટલે સમી સાંજથી ટ્રાફિકનું ભારણ ઘટી જાય છે.
- ૧૫ મી નવેમ્બરથી ૨૯ મી નવેમ્બર દરમ્યાન યુજીવીસીએલ સાબરમતી દ્વારા જિલ્લાના ડિવીઝનોમાં મેન્ટેનન્સને લઈ વીજ પુરવઠો બંધ રહેશે તેનો કાર્યક્રમ જાહેર થયો છે.
- દેવ દિવાળી બાદ જિલ્લામાં લગ્નસરાનો આરંભ થઈ રહ્યો હોવાથી બજારોમાં ખરીદીની ભીડ જોવા મળી રહી છે.
- આત્મનિર્ભર ગ્રામયાત્રાને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

રાજ્યમાં નિરામય ગુજરાત અભિયાનને વ્યાપક પ્રતિસાદ

પ્રથમ દિવસે ૮ મનપા વિસ્તારમાં ૬૬૬૨૧ લોકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૩

આરોગ્યક્ષેત્રે ક્રાંતિકારી પહેલના ભાગરૂપે રાજયમાં 'નિરામય ગુજરાત' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે ૫,૨૭,૬૨૮ લોકોના ફોર્મ ભરવામાં આવ્યા હતા અને ૮ મનપા વિસ્તારમાં ૬૬,૬૨૧ લોકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

બિનચેપી રોગોની સારવાર અને નિદાન માટે ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ નિરામય ગુજરાત અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે. આ અભિયાન હેઠળ બીપી, ડાયાબિટિસ, કિડની, કેન્સર જેવી વિવિધ બિમારીઓની સારવાર અને નિદાન કરવાનું આયોજન છે. સમગ્ર ગુજરાતના વસાહતીઓને આ અભિયાન હેઠળ આવરી લઈ લોકોને સ્વાસ્થ્યપ્રદ જીવન આપવાની સરકારની નેમ છે. આ અભિયાનનો ગુજરાતમાં પ્રારંભ થઈ ચૂક્યો છે. પ્રથમ દિવસે તેને વ્યાપક જન પ્રતિસાદ મળ્યો છે. ૮ મનપા વિસ્તારમાં જ ૬૬,૬૨૧ વ્યક્તિઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. જ્યારે ૬૫૫૬ લોકોની હાયપર ટેન્શનની, ૭૦૧૧ લોકોની ડાયાબિટિશની, ૭૨૫ની કેન્સરની, ૩૭૬૩ લોકોની પાંડુરોગની, ૯૨૯ની કિડનીની, ૨૭૫૬ લોકોની કેલ્શિયમની ઉણપની ચકાસણી કરવામાં આવી હતી. પ્રથમ દિવસે ૨૦૯૭૨ વ્યક્તિઓની લેબોરેટરી તપાસ કરવામાં આવી. આ ઉપરાંત ૧૪૩૯૯ લોકોને પીએમજેવાય કાર્ડ ઈસ્યુ કરાયા અને ૫૩૪૯ વ્યક્તિઓને ડિજિટલ હેલ્થ આઈડી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા. દર શુક્રવારે નિરામય ગુજરાત અભિયાન હેઠળ વિવિધ વિસ્તારોના કેમ્પ યોજવામાં આવશે. મહત્તમ લોકોને તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

શહેરના નવો સેલ્ફી પોઈન્ટ

આવતીકાલે બાળાવાર્તા દિન ઉજવાશે : વાઘાણી

યુગમૂર્તિ બાળ કેળવણીકાર સ્વ. ગિજુભાઈ બધેકાના જન્મદિવસને ચિરંજીવ બનાવાશે

ગાંધીનગર, તા.૧૩

શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી એક મહત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું છે કે, યુગમૂર્તિ

બાળ કેળવણીકાર સ્વ. ગિજુભાઈ બધેકાના જન્મદિવસ ૧૫ મી નવેમ્બરને ગુજરાત રાજયમાં 'બાળવાર્તા દિન' તરીકે ઉજવવામાં આવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ યુગમૂર્તિ બાળ કેળવણીકારે સો વર્ષ પહેલા જે ભાવેણાની ધરતી અને દક્ષિણામૂર્તિથી બાળમાનસને કેળવવાના અને ઘડતર કરવાના વિચારનો પાયો નાંખ્યો હતો તે ભૂમિ પરથી આ જાહેરાત કરતાં હું ગૌરવની લાગણી અનુભવું છું.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, બાળ મંદિર, બાળ મંદિરનો ખ્યાલ અને બાળ માનસની કેળવણીના ભીષ્મપિતામહ અને જેને જગત 'મૂછાળી માં' તરીકે ઓળખે છે. તેવા ગીજુભાઈ બધેકાનો જન્મદિવસ ગુજરાતમાં 'બાળવાર્તા દિવસ' તરીકે ઉજવીને તેમને સાચી સ્મરણાંજલિ આપવાનો પ્રયાસ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

જાણીતા હાસ્ય કલાકારશ્રી સાંઈરામ દવે અને દક્ષિણામૂર્તિ વિદ્યાલયના ટ્રસ્ટીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીને આ માટેની રજૂઆત કરવામાં આવી હતી અને જેનો હકારાત્મક પ્રતિભાવ આપીને ગિજુભાઈ બધેકાના જન્મદિવસને દક્ષિણામૂર્તિ વિદ્યાલય, ભાવનગર ખાતે 'બાળવાર્તા દિન' તરીકે ઉજવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ભારતનું ભવિષ્ય એવાં બાળકને જે બાળ વાર્તાઓ, બાળ ગીતો ગમે છે અને જેની કથની હવે લુપ્ત થઈ રહી છે તેવી બાળવાર્તાઓ વર્તમાનમાં પણ જીવંત રહે અને બાળકોના ઘડતરમાં તેનો ઉપયોગ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ગિજુભાઈ બધેકાના જન્મદિવસને 'બાળવાર્તા દિન' તરીકે ઉજવવાનો રાજ્ય સરકારે સ્તુત્ય નિર્ણય કર્યો છે.

રાજ્યમાં કપ્પા વેરિયન્ટના દર્દી મળતાં તંત્રમાં દોડધામ

ગુજરાતમાં કોરોનાના કેસમાં ધીમી ગતિએ વધારો : ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં મોકલાયેલા સેમ્પલમાંથી ૫ જેટલા દર્દીના સેમ્પલમાં કપ્પા વેરિયન્ટ હોવાની પુષ્ટિ થઈ હતી

ગાંધીનગર, તા.૧૩

તહેવારો બાદ ફરી એક વખત રાજ્યમાં કોરોનાના કેસ ધીમી ગતીએ વધી રહ્યા છે. કોરોના કેસ વધતા ફરી તંત્રની ઊંઘ ઊડી ગઈ છે. તહેવારોમાં મોટી સંખ્યામાં લોકો બહાર ફરવા ગયા હતા. જેથી હવે કોરોનાના કેસમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે બહારથી આવતા લોકો પર તંત્ર સતત નજર રાખી રહ્યું છે. ત્યારે કોરોનાના વધતા કેસ ગુજરાત માટે ખતરાસમાન છે. કારણ કે, કોરોનામાં જોવા મળેલા જુદા જુદા વેરિયન્ટમાંથી એક કપ્પા વેરિયન્ટના પણ દર્દીઓ રાજ્યમાંથી મળી આવ્યા છે.

કોરોનામાં જોવા મળેલા જુદા જુદા વેરિયન્ટમાંથી એક કપ્પા વેરિયન્ટના પણ દર્દીઓ રાજ્યમાંથી મળી આવ્યા છે. ગુજરાતની હોસ્પિટલોમાં હાલ કોરોનાના દર્દીઓ વધી રહ્યાં છે. આવામાં કોરોનાના ડેલ્ટા વેરિયન્ટ બાદ કપ્પા વેરિયન્ટના દર્દીઓની પણ સારવાર કરાઈ રહી છે. ગુજરાતમાં કપ્પા વેરિયન્ટના દર્દીઓ મળ્યા હોવા અંગે બી.જે.મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા આપેલી માહિતી સામે આવી છે. માઈક્રોબાયોલોજિ વિભાગના ડો. કનુ પટેલે જણાવ્યું કે, બી.જે.મેડિકલ કોલેજ દ્વારા ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં પુના ખાતે મોકલાયેલા કેટલાક સેમ્પલમાં કપ્પા વેરિયન્ટ જોવા મળ્યો છે. જીનોમ સિક્વન્સિંગ માટે પુના ખાતે આવેલી લેબમાં દર મહિને કેટલાક સેમ્પલ વેરિયન્ટની ચકાસણી માટે મોકલવામાં આવે છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં મોકલાયેલા સેમ્પલમાંથી ૫ જેટલા દર્દીઓના સેમ્પલમાં કપ્પા વેરિયન્ટ હોવાની પુષ્ટિ થઈ હતી. હિંમતનગર, દાહોદના દર્દીઓના મોકલાયેલા સેમ્પલમાં કપ્પા વેરિયન્ટ જોવા મળ્યો છે. ઓક્ટોબર મહિનામાં પુના ખાતે મોકલવામાં આવેલા સેમ્પલના પરિણામની રાહ જોવાઈ રહી છે. વેક્સીનના કારણે કોરોના

વાયરસની ઘાતકતા પણ ઘટી, સંક્રમણના દર પર નિયંત્રણ મેળવી શકાયું છે. અમદાવાદમાં પણ કોરોના માથુ ઊંચકી રહ્યો છે. ત્યારે અમદાવાદમાં ૪ મહિના બાદ માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાની ફરજ પડી છે. ચાંદખેડાની સાંપદ રેસિડન્સીનો ૫ બ્લોક માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં મૂકાયો છે. એક જ પરિવારના ૭ સભ્યો સંક્રમિત થતા તંત્ર એક્શનમાં આવી ગયુ છે.

સિનિયર સિટીજન ક્લબ, ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાશે

ચિલોડા, તા. ૧૩

૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર સિનિયર સિટીઝન ક્લબ દ્વારા તા. ૧૪-૧૧-૨૦૨૧ના રોજ રવિવારે સવારે ૮.૩૦ કલાકે ચિલોડા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, જગદંબાભવન ખાતે તૃતીય, ચતુર્થ વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાશે.

આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અશોકભાઈ જી. પટેલ, વક્તા તરીકે રાજયોગીની શારદાદીદી, વક્તા તરીકે ભાગ્યેશ જહા, પૂર્વ આઈએએસ, સાહિત્યકાર, વક્તા ચાલો નિવૃતિને આનંદમય બનાવીએ વિશે પ્રવચન આપશે. શુભચિંતક તરીકે ખેડૂત અગ્રણી બી.કે. પટેલ ઉપસ્થિત રહેશે.

આ સમારોહમાં ખાસ ૫૦ વર્ષ લગ્નજીવનના પૂર્ણ કરનાર અને ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું સન્માન કરવામાં આવશે.

ગાંધીનગરની પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે ૨૫મીએ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

જિલ્લાના પ્રજાજનો તા.૧૮/૧૧/૨૦૨૧ સુધી ફરિયાદો કે પ્રશ્નો રજુ કરી શકશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કલેક્ટર શ્રી કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને તા.૨૫/૧૧/૨૦૨૧ ના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને, ગાંધીનગર જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિરાકરણ માટે તા.૨૫/૧૧/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિરાકરણ અંગે જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રી, ગાંધીનગરના અધ્યક્ષપણા હેઠળ કલેક્ટર કચેરી, ગાંધીનગર, સે.૧૧, પહેલા માળના સભાખંડમાં "જિલ્લા સ્વાગત કાર્યક્રમ" યોજવામાં આવનાર છે.

જિલ્લાની જાહેર જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો તા.૧૮/૧૧/૨૦૨૧ સુધીમાં કલેક્ટરશ્રી, ગાંધીનગરને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. ન્યાયની કોર્ટમા ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમાં લક્ષમાં લેવામાં આવશે નહી. રજુ કરવામાં આવનાર પ્રશ્નોના કવર ઉપર "જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૧૧/૨૦૨૧" એમ અચુક લખવા અને જિલ્લા સ્વાગત કાર્યક્રમના દિવસે અરજદારે ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

હવે, માસ્ક વગર નિકળ્યાં તો પોલીસ દંડ વસુલ કરશે

કોરોનાના કેસોની સંખ્યાએ ફરી એક વખત ગતિ પકડી : માસ્ક વિના ફરતા લોકોને અટકાવીને પોલીસ પ્રથમ તબક્કે સમજાવટ અને ત્યારબાદ દંડાત્મક કાર્યવાહી કરશે

ગાંધીનગર, તા.૧૩

રાજ્યભરમાં દિવાળી તહેવાર બાદ કોરોનાના કેસોની સંખ્યા ફરી એક વખત ગતિ પકડી રહી છે. બીજી લહેર બાદ પણ અનેક જાહેર સ્થળોએ વગર માસ્કે નાગરિકો ફર્યા છે. જેને પગલે કોરોના કેસોની સંખ્યા વધી રહી હોવાનું એક પ્રાથમિક તારણ સામે આવી છે. ત્યારે કોરોના ગાઈડલાઈનનું જરૂરી પાલન અમદાવાદ પોલીસ દ્વારા કરવાનું શરૂ કરવામાં આવ્યું. વગર માસ્કે ફરતા નાગરિકોને સમજાવવાનું યોગ્ય સમજી પોલીસે માસ્ક વિતરણ કર્યા અને માસ્ક પહેરવું જરૂરી હોવાનું પણ સમજાવ્યુ. તેમ છતાં કેટલાક નાગરિકો હવે પોલીસ સાથે તકરાર પર ઉતરી અને દલીલો કરતા નજરે પડી રહ્યા છે.

જેના પગલે પોલીસે ક્યાંક દંડાત્મક કાર્યવાહી પણ શરૂઆત કરવી પડી છે. અમદાવાદ શહેર પોલીસે અનેક મોટા જંકશન ઉપર પોલીસ પોઈન્ટ ગોઠવીને વગર માસ્ક વિના ફરતા લોકોને અટકાવી પ્રથમ તબક્કે સમજાવટ અને ત્યારબાદ દંડાત્મક કાર્યવાહીથી લોકોને ફરજીયાત માસ્ક પહેરવાનું બીડું ઝડપ્યું છે. બે વર્ષ બાદ તહેવારોની હર્ષોલ્લાસભેર ઉજવણી કરતા નાગરિકો કોરોના રાજ્યમાં હોવાનું ભૂલી ચૂક્યા હતા. માસ્ક પહેરવાનું તો બંધ કરી દીધું હોય તેઓ શહેરમાં વાતાવરણ ઊભું થયું હતું. એક કારણ એ પણ હતું કે પોલીસે પણ દંડનીય કાર્યવાહી કે માસ્કના મેમો આપવાનું બંધ કર્યું હતું.

દેવભૂમિ દ્વારકામાં પહેલીવાર મંદિરમાં પાંચમી ધજા ન ચઢી

દ્વારકા,તા.૧૩

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકામાં આજે પરંપરાનું મહત્વ છે. અહી મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવાને લઈને ખાસ પરંપરા છે. ત્યારે પહેલીવાર મંદિર પર ધજારોહણ કરવાની પરંપરા તૂટી છે. મંદિરના ઈતિહાસમાં પ્રથમ વખત શિખર પર પાંચમી ધ્વજા ન ચઢી. ત્યારે મંદિર પ્રશાસને પોતાને સમયસર ધ્વજા ન મળ્યાનુ જણાવ્યું. યાત્રાધામ દ્વારકાના જગત મંદિરના શિખર પર ગઈકાલે એક ધ્વજા ન લહેરાઈ. દ્વારકાધીશ જગત મંદિર ખાતે શિખર પર દરરોજ પાંચ વખત ધ્વજારોહણ કરવામાં આવે તેવી પરંપરા છે. ગઈ કાલે સાંજે છેલ્લી ધ્વજા યજમાન પરિવાર મોડી આવી હતી, જેથી ધજા લહેરાઈ ન હતી. ધ્વજા શિખર પર લહેરાવવા અબોટી બ્રાહ્મણ પરિવાર જાય છે, જ્યારે ધ્વજાની પૂજન વિધિ અન્ય બ્રાહ્મણો દ્વારા કરાય છે. ગઈ કાલે યજમાન પરિવાર મોડી સાંજે મંદિર ખાતે પહોંચ્યા હોવાથી પાંચમી ધ્વજા ન લહેરાઈ હતી. વર્ષોથી દ્વારકાધીશના જગત મંદિર શિખર પર પાંચ ધ્વજા લહેરાવવામાં આવે છે, ત્યારે ગઈકાલે પહેલીવાર ધ્વજાની આ પરંપરા તૂટી હતી. ભક્તો ધ્વજાને સમયસર ન લઈ જતા પરંપરા તૂટી હતી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં અબોટી બ્રાહ્મણ ધ્વજા લહેરાવવા ગયા બાદ જગત મંદિર અંદર પગથિયાંમાં પગ લપસવાથી ઈજાગ્રસ્ત થયા બાદ મોડી સાંજ ના સમયે ધ્વજારોહણ કરવા જવાનું બંધ કરાયું હતું.

કંપની સમાચાર

ગો ફેશન (ઈન્ડિયા) લિમિટેડનો આઈપીઓ ૧૭મીએ ખુલશે

ભારતમાં વિમેન્સ બોટમ-વેર બ્રાન્ડ અને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વિમેન્સ બોટમ-વેર બ્રાન્ડના બજારમાં અંદાજે ૮ ટકા બજારહિસ્સો ધરાવતી ગો ફેશન (ઈન્ડિયા) લિમિટેડ ("ગો ફેશન" અથવા "કંપની")એ ૧૭ નવેમ્બર, ૨૦૨૧ના રોજ એનો આઈપીઓ ("ઓફર") લાવવાની યોજના બનાવી છે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ ૬૫૫ થી ૬૯૦ નક્કી થઈ છે, જેમાં દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ ૧૦ છે. બિડ લઘુત્તમ ૨૧ ઈક્વિટી અને પછી ૨૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફરમાં ગો ફેશન (ઈન્ડિયા) લિમિટેડના ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો કુલ ૧,૨૫૦ મિલિયનનો ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને પીકેએસ ફેમિલી ટ્રસ્ટના ૭૪૫,૬૭૬ ઈક્વિટી શેર, વીકેએસ ફેમિલી ટ્રસ્ટના ૭૪૫,૬૭૬ ઈક્વિટી શેર (સંયુક્તપણે "પ્રમોટર વિક્રેતા શેરધારકો") તથા સીકવોઈયા કેપિટલ ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ્સ આઈવીના ૭,૪૯૮,૮૭૫ ઈક્વિટી શેર, ઈન્ડિયા એડવાન્ટેજ ફંડ ૫૪ના ૩,૩૧૧,૪૭૮ ઈક્વિટી શેર અને ડાયનેમિક ઈન્ડિયા ફંડ ૫૪ યુએસઆઈના ૫૭૬,૬૮૪ ઈક્વિટી શેર (સંયુક્તપણે "રોકાણકાર વિક્રેતા શેરધારકો")ના વેચાણની ઓફર સામેલ છે.

વકરતું દબાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરનો વન આરક્ષિત વિસ્તાર પણ દબાણની જટીલ સમસ્યાથી ગ્રસ્ત છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં જાહેરજીવનમાં આમ નાગરિકોને નડતરરૂપ થતા પ્રશ્નો તરફ તંત્ર નિરસતા સેવી રહ્યુ છે. શહેરમાં ફુટપાથ , પાર્કીંગ પ્લેસ અને વન આરક્ષિત વિસ્તારમાં વધતા દબાણના લીધે નગરનો ટ્રાફિક સિનારીયો પણ પ્રભાવિત છે. આ ઉપરાંત ગંદકી અને પાર્કીંગનો પ્રશ્ન પણ વધુ ગંભીર બનતો જાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી ત્વરિત અસરથી ફુટપાથ પરના દબાણો કાયમી દુર થાય તે મુજબનુ આયોજન કરવા માટે પ્રબળ માંગણી ઉઠવા પામી છે. બીજીતરફ શહેરના કોર્મશિયલ વિસ્તારમાં સ્થિત પાર્કીંગ પ્લેસ પણ વાહનો પાર્ક કરવા માટે નહી પરંતુ લારી ગલ્લા મુકવા માટે બનાવાયા હોય તેવી સ્થિતિ છે. એકબાજુ મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ફુટપાથ પર દબાણ કરવુ એ એક પ્રકારનુ લેન્ડ ગ્રેબીંગ હોવાનુ જણાંવ્યુ છે ત્યારે આ મામલે પાટનગરમાં જ હજુ દિવા તળે અંધારુ છે. શહેરના મુખ્યમાર્ગો સહીત વિવિધ ઠેકાણે ફુટપાથ પર દબાણો જોવા મળે છે. એટલુ જ નહીં પરંતુ રહેણાંક વિસ્તારમાં પણ વોક વે ને અડીને ફેન્સીંગના દબાણો કરી સરકારી જગ્યા પર ગેરકાયદેસર રીતે કબજો કરી દેવાયો છે. જેના લીધે રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીંગ સહીતની અનેક સમસ્યાઓ સ્થાનિકો માટે કકળાટનુ કારણ બને છે. ગાંધીનગરમાં પણ નાના મોટા લારી ગલ્લાના દબાણો ઉપરાંત ૪૦૦ જેટલી આમલેટ અને નોનવેજની લારીઓ ધમધમે છે. ત્યારે દબાણની સમસ્યા વર્ષો જુની છે. પરંતુ દબાણો દુર કરવા માટે અસરકારક પગલા લેવાતા નથી. કોર્મશિયલ વિસ્તારમાં પણ પાર્કીંગ પ્લેસ દબાણોની ચુંગાલમાં આવી ગયો છે. જયારે હવે દબાણો મામલે તંત્ર પણ નિરસતા દાખવતા રહેણાંક વિસ્તારમાં પણ દબાણોનુ દુષણ પાંગરી રહ્યુ છે.

હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું- હું મણિપુરના ચુરાચંદપુરમાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું. દેશ આ બહાદુર સપૂતોનો હંમેશા ઋણી રહેશે. ભગવાન શોકગ્રસ્ત પરિવારના સભ્યોને નુકસાન સહન કરવાની શક્તિ આપે. એક અહેવાલ મુજબ, આ ઘટના મ્યાનમારની સરહદે આવેલા ચુરાચંદપુર જિલ્લામાં બની હતી. એવું કહેવાય છે કે આતંકવાદીઓએ આસામ રાઈફલ્સના કાફલા પર હુમલો કર્યો અને આઈઈડી વડે આ હુમલો કર્યો. અહેવાલો અનુસાર, આ હુમલામાં ૪૬ આસામ રાઈફલ્સના કમાન્ડિંગ ઓફિસર કર્નલ બિપ્લબ ત્રિપાઠીની પત્ની અને પુત્રનું પણ મોત થયું હતું. કર્નલ ત્રિપાઠી છત્તીસગઢના રાયગઢ જિલ્લાના રહેવાસી હતા.